नियामकश्री, अनुसूचित जाति कल्याण हेठळना संवर्गोमां सीधी भरतीथी निमणूंक करी भरवानी थती जग्याओमां दिव्यांग उमेदवारो माटे ४ टका जग्याओ अनामत राखवा बाबत.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:**SJED/EOD/e-file/17/2022/0119/J,**

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૮/૦૮/૨૦૨૨.

S. J. & E. DEPTT.
26 AUG 2022
IWDMS No. ૪૧૨૧૧

વંચાણે લીધા:

૧. વિભાગનો તા:૧૭/૦૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૪/૩૫૧૧૮/જ

૨. સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:સીઆરઆર/ ૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ.૨

૩. વિભાગનો તા:૧૮/૦૮/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/ છ-૧(પાર્ટ-૪).

૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૧૭/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/ મકમ/૬/૩૫૧/૨૦૨૨/ક.

૫. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૦૮/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/ મકમ/૬/૧૧૨૮/૨૦૨૨/ક.

૬. શિક્ષણ વિભાગનો તા.૦૫/૦૫/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૯/૧૭૭૪/ગ

૭. તજજ્ઞ સમિતિની તા:૩૦/૦૬/૨૦૨૨ની બેઠકની કાર્યવાહી નોંધ.

૮. ભારત સરકારના તા:૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક: 38-16/2020-DD-III.

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના આ વિભાગના તા:૧૭/૦૧/૨૦૧૪ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની જગ્યાઓમાં સીધી ભરતીમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે કેટેગરી વાઈઝ ત્રણ (૦૩) ટકા અનામત નિયત કરવામાં આવેલ હતી.

The Rights of Persons with Disabilities Act, 2016 ની કલમ-૩૩ મુજબ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૨ પરના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવથી સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર (૦૪) ટકા અનામત રાખવા અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૩ પરના આ વિભાગના તા:૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્રથી, 'ભારત સરકારના તા:૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં જે સંવર્ગોની દિવ્યાંગતા નક્કી થયેલ છે તે સંવર્ગો સાથે જે તે વિભાગના સંવર્ગો સામ્યતા ધરાવતા હોય તેવા સંવર્ગો માટે ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતા માન્ય ગણવાની રહેશે તેમજ જે સંવર્ગોનો જાહેરનામામાં ઉલ્લેખ થયેલ ના હોય અથવા વિભાગ જે તે સંવર્ગ માટે ભારત સરકારે નક્કી કરેલ તમામ દિવ્યાંગતા સંબંધિત જગ્યાની કામગીરીને ધ્યાને લઈ સ્વીકારી શકે તેમ ન હોય તો તેવા કેસમાં સંબંધિત જગ્યાની કામગીરીનો પ્રકાર ધ્યાને લઈ ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતામાંથી મુક્તિ મેળવવા અથવા દિવ્યાંગતાની કેટેગરી અલગ રીતે નક્કી કરવા વાજબી કારણો અને આધાર સહિતની દરખાસ્ત નિયત કરેલ પત્રક મુજબ આ વિભાગની પેટા તજજ્ઞ સમિતિને રજૂ કરવાની રહેશે તેમ સુચવેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૪ પરના તા:૧૭/૦૨/૨૦૨૨ના પત્રથી તેમના હસ્તકના સંવર્ગોમાં સીધી ભરતીના કિસ્સામાં 4% મુજબ દિવ્યાંગતા નક્કી કરવા દરખાસ્ત કરેલ હતી. જે પૈકી ૦૪ (ચાર) સંવર્ગોની દિવ્યાંગતા ભારત સરકાર દ્વારા નકકી કરેલ દિવ્યાંગતા કરતા અલગ હોઈ, આ ૦૪ (ચાર) સંવર્ગોની દરખાસ્ત તજજ્ઞ સમિતિમાં રજુ કરતાં, તજજ્ઞ સમિતીની તા:૩૦/૦૬/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં વંચાણે લીધેલ ક્રમ-૫ પરની કાર્યવાહી નોંધથી આ ૦૪ (ચાર) સંવર્ગોમાં મળેલ મંજૂરી મુજબની દિવ્યાંગતા નકકી કરવાની તેમજ જે સંવર્ગોની દિવ્યાંગતા ભારત સરકારના દ્વારા નિયત કરેલ દિવ્યાંગતા મુજબ સામ્યતા ધરાવે છે તે સંવર્ગો માટે તે મુજબની દિવ્યાંગતા નકકી કરવાની અને વંચાણે લીધેલ ક્રમ-૫ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૦૮-૦૬-૨૦૨૨ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે મદદનીશ શિક્ષકો (માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક)ની દિવ્યાંગતા શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ-૬ પરના તા.૦૫-૦૫-૨૦૨૨ના ઠરાવ મુજબ નકકી કરવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગના તા:૧૭/૦૧/૨૦૧૪ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકના સંવર્ગોમાં સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે નિયત કરવામાં આવેલ ત્રણ (૦૩) ટકા અનામત આથી રદ કરવામાં આવે છે તેમજ The Rights of Persons with Disabilities Act, 2016 મુજબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકના સંવર્ગોમાં સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગો માટે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ચાર (૦૪) ટકા અનામત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે:-

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D&E |
| ૧ | નાયબ નિયામક | વર્ગ-૧ | B, LV | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | MI, MD involving (a) to (d) |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | વર્ગ–૨ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| 3 | આચાર્ય | વર્ગ–૨ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૪ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | વર્ગ–3 | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૫ | સમાજ કલ્યાણ નિરીક્ષક | વર્ગ–3 | B, LV | HH | OA, BA, OL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI, MD involving (a) to (d) |
| ૬ | સીનીયર કલાર્ક | વર્ગ–3 | B,LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI, MD involving (a) to (d) |
| ૭ | જુનીયર કલાર્ક | વર્ગ–3 | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD(M), SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૮ | મદદનીશ શિક્ષક (માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક) | વર્ગ–3 | B, LV | HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | MD involving (a to d) above |

Code and functional classification:- Blind (B), Low vision (LV)(40-70)%,Deaf (D), [Hard of hearing(HH)(40-70)%], [Locomotor disability (LD):- OA(one arm), OL(one leg), BA(both arm), BH(both hands), OAL(one arm one leg) , BLA(both legs and arms) , BLOA( both legs one arm), OABL(one arm both legs), BAOL(both arms one leg), BABL(both arms both leg), OAOL(one arm one leg) ], Cerebral palsy (CP), Leprosy cured (LC), Dwarfism (Dw), Acid attack victim(AAV), Muscular dystrophy (MDy), Intellectual disability(ID),Specific learning disability (SLD),Mental illness (MI), [Autism Spectrum Disorder (ASD)M-Mild, MoD-Moderate], [Multiple Disabilities (MD) :-Disabilities included in group (A) to (D) )(40-70)%].

**૨.** આ જગ્યાઓમાં ઉપરોક્ત કેટેગરીની દિવ્યાંગ વિકલાંગ વ્યક્તિઓ એક ભરતી પ્રસંગે ઉપલબ્ધ ન થાય તો તેવી અનામત જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન હુકમો/નિયમો ધ્યાને લઈ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

**3.** આ ઠરાવ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૩૦/૦૬/૨૦૨૨ના રોજ મળેલ તજજ્ઞ સમિતીની બેઠકમાં મળેલ મંજુરી અને

વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની તા.૧૭/૦૮/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

JPVasava
(જયશ્રી પી. વસાવા)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર./- આ ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૨.